RNI. No.GUJGUJ/2014/56392

# ક્રાઈમ કિંગ

Crime King

Weekly

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

✳AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

✳Year : 7 ✳ Issue No. 37 ✳Date:01.01.2021 ✳Friday ✳Page :04 ✳Rs. 01.00 ✳Annual Rs. 50/-

### કોરોના વેક્સિનને લઈને અમદાવાદથી ભારત માટે રાહતના સમાચાર

## અમદાવાદમાં પરીક્ષણમાં કોરોના રસી આપ્યા પછી કોઈને કોરોના નથી થયો




અમદાવાદ,તા.૩૧

અમદાવાદમાં કોવેક્સિનના ચાલી રહેલા પરીક્ષણ દરમિયાન સારા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદમાં ચાલી રહેલા પરીક્ષણમાં રસી આપ્યા પછી કોઈને કોરોના નથી થયો. એક હજાર લોકો પર પહેલા ડોઝના પરીક્ષણ પછી સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. હાલમાં અમદાવાદના એક હજાર લોકોને બીજો ડોઝ અપાઈ રહ્યોં છે. ૨૫ નવેમ્બરથી ડોઝ આપવાની શરૂઆત થઈ હતી જેમાંથી કોઈને પણ કોરોના નથી થયો. ૩૦ દિવસમાં એક હજાર લોકોમાંથી કોઈને પણ કોરોના સંબંધિત લક્ષણો ન દેખાતા ડોક્ટર ખુશ છે આ મામલે ડોક્ટર પારૂલ ભટ્ટે જણાવ્યું હતુ કે, તમામ વોલન્ટિયર્સને બીજો ડોઝ ૨૮મી જાન્યુઆરી સુધીમાં અપાઈ જશે. ૨૮મી જાન્યુઆરી પછી ૨ સપ્તાહમાં તમામ લોકોનું મેડિકલ ચેક-અપ થશે. ૨૫મી નવેમ્બરથી અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં પરીક્ષણ ચાલૂ કરવામાં આવ્યું છે. ડૉ.પારૂલ ભટ્ટ વધુમાં જણાવ્યું હતુ કે, કોવેક્સિનને અંતિમ મંજૂરી માટે હજુ ૧ મહિનાનો સમય લાગી શકે છે. ભારત બાયોટેક અને ભારત સરકારની સંસ્થા આઈસીએમઆરએ આ કોવેક્સિન બનાવી છે. વેક્સિનની સફળતા માટે આપણે અડધા રસ્તે પહોંચ્યા છીએ અને આનંદની વાત એ છે કે, અત્યાર સુધીમાં એક પણ વ્યક્તિને આડઅસર નહી અને કોરાના પણ ન થયો. કોવેક્સીન ભારતમાં બની રહેલી કોરોનાની રસીનું નામ છે. ભારતનું સૌથી મોટું પરિક્ષણ કોવેક્સીન માટે શરૂ થયું છે. ભારત બાયોટેક નામની કંપની આ રસી બનાવી રહી છે. કોવેક્સીનનું પહેલા અને બીજા તબક્કાનું સફળ પરિક્ષણ પૂર્ણ થઈ ચૂક્યું છે. ત્રીજા તબક્કામાં રસીનું માનવ પરિક્ષણ શરૂ થયું છે. ત્રીજા તબક્કામાં કુલ ૨૬ હજાર વોલંટિયર્સ પર કોવેક્સીનનું પરિક્ષણ થવાનું છે. ૨૬ હજારમાંથી અમદાવાદમાં ૧ હજાર લોકો પર કોવેક્સીનનું પરિક્ષણ થશે. ૨૬ હજાર લોકોને ૨૮ દિવસમાં ૨ વાર રસી આપવામાં આવશે. કંપની અને સંશોધકોને એ જાણ નહી થાય કે રસી ક્યા સમૂહને અપાઈ છે.

સરકારના આઈસીએમઆર અને એનઆઈવીના સહયોગથી ભારત બાયોટેક આ રસી બનાવી રહી છે ભારત બાયોટેકે કોવેક્સીન ૬૦ ટકા અસરકારક હોવાનો દાવો કર્યો છે. વોલંટિયરમાં ૫૦ ટકાને કોવેક્સીન અને ૫૦ ટકાને પ્લેસબો અપાશે. એટલે કે પ્લેસબો ઓછા અસરવાળી રસી હશે અને કોવેક્સીન વધુ અસરવાળી રસી હશે. બન્ને પ્રકારની રસી આપ્યા પછી દર્દીઓના પરિક્ષણને આધારે રસીની અસરકારકતા નક્કી થશે. કોવેક્સીન બનાવવા માટે ભારત સરકાર સીધી રીતે ભાગીદાર છે. અમદાવાદના સોલામાં ૧ હજાર લોકો પર કોવેક્સીનનું પરિક્ષણ થવાનું છે. ત્રીજા તબક્કામાં માનવ પરિક્ષણ સફળ રહે તો જલદીથી આ રસી આપણને મળશે. રસી મળશે કે નહી તે આ ત્રીજા તબક્કાના પરિક્ષણના આધારે નક્કી થશે. રસીના માનવ પરિક્ષણમાં ગુજરાત પણ ભાગીદાર થઈ રહ્યું છે.

## રાજયમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં વધુ એક મહિના સુધી લંબાવાયું લોકડાઉન

અમદાવાદ,તા.૩૧

કોરોના મહામારી વચ્ચે ન્યૂયર સેલિબ્રેશનને લઈ રાજ્યના ગૃહ વિભાગે જાહેરનામુ બહાર પાડ્યું છે. ન્યૂયરની ઉજવણી દરમિયાન લોકોની ભીડ થવાની સંભાવના હોવાથી હાલ રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એમ ચાર મુખ્ય શહેરોમાં રાતના ૯થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ અમલમાં છે. આ નાઈટ કર્ફ્યૂનો ચૂસ્ત અમલ કરાવવામાં આવશે. જ્યારે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે. જ્યારે કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સૂચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા હુકમ કર્યો છે. આમ સમગ્ર રાજ્યમાં જાહેર કરવામાં આવેલા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૧ જાન્યુઆરી ૨૦૨૧થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે.

જ્યારે ૧ જાન્યુઆરીથી ચાર મુખ્ય શહેરોના નાઈટ કર્ફ્યૂમાં એક કલાકનો ઘટાડો કર્યો છે. જ્યારે લગ્ન કે સત્કાર સમારોહ અને મૃત્યુ પ્રસંગે વ્યક્તિઓની સંખ્યા સંબંધમાં ગૃહ વિભાગનો ૨૪ નવેમ્બર ૨૦૨૦ની સૂચનાઓ મુજબ, વ્યક્તિઓની સંખ્યાની મર્યાદા યથાવત રાખવામાં આવી છે. વધુમાં લગ્ન માટે ગૃહ વિભાગના ૧૧ ડિસેમ્બરના રોજ કરવામાં આવેલા હુકમની પદ્ધતિ મુજબ રજિસ્ટ્રેશન ફરજિયાત કરાવવાનું રહેશે. આ પહેલા ૩૦ ડિસેમ્બરના રોજ રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં ૧ જાન્યુઆરીથી રાત્રિ કર્ફ્યૂ દસથી સવારના છ વાગ્યા સુધી રહેશે. કોરોના સંક્રમણમાં ઘટાડો થતાં રાજ્ય સરકારે રાત્રિ કર્ફ્યૂનો સમય નવ કલાકને બદલે આઠ કલાકનો કર્યો છે. બુધવારે સાંજે રાજ્યની કોર ગ્રૂપની બેઠક મળ્યાં બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ જાહેરાત કરી છે. ૧૪ જાન્યુઆરી સુધી આ રીતે કર્ફ્યૂ અમલમાં રહેશે. રાજ્ય સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૪ જાન્યુઆરી બાદ આ અંગે પુનઃસમીક્ષા થશે. જો સંક્રમણમાં ઘટાડો થાય અને સ્થિતિ સુધરે તો કર્ફ્યૂ વધુ હળવો થશે. આ ઉપરાંત ઉત્તરાયણમાં જો સ્થિતિ સારી જણાશે તો લગ્ન અને અન્ય સમારોહમાં આમંત્રિતોની સંખ્યા પરની મર્યાદા પણ ઘટશે. આ અગાઉ દિવ્ય ભાસ્કરે અહેવાલ પ્રકાશિત કર્યો હતો કે કર્ફ્યૂનો સમયગાળો ઘટશે.

## અમદાવાદમાં કોરોનાના કેસ ઘટતા માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનની સંખ્યા ૧૯ થઈ



અમદાવાદ,તા.૩૧

અમદાવાદઃ શહેર સહિત સમગ્ર જિલ્લામાં સતત છઠ્ઠા દિવસે પણ ૨૦૦થી ઓછા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કોરોનાના કેસમાં પણ ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેર અને જિલ્લામાં પણ કોરોનાના કેસમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. મહત્ત્વનું છે કે, છેલ્લા ૨૪ કલાકમાં શહેર અને જિલ્લામાં ૧૬૪ નવા કેસ નોંધાયા છે તો બીજી તરફ ૧૬૯ દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૩ દર્દીના કોરોનાના કારણે મોત થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૧૫૭ અને જિલ્લામાં ૭ નવા કોરોના કેસ નોંધાયા છે. જ્યારે શહેરમાં ૩ દર્દીના મોત થયા છે તેમ જ શહેરમાં ૧૬૩ અને જિલ્લામાં ૬ દર્દી સાજા થતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ સાથે જ શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૫૭,૪૭૪ પર પહોંચ્યો છે. જ્યારે ૫૨,૩૧૨ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે અને મૃત્યુઆંક ૨૨૪૬ થયો છે.

## દુનિયાના ૩૦ અલગ-અલગ દેશો બાદ હવે અમદાવાદમાં જોવા મળી આ રહસ્યમયી વસ્તુ

અમદાવાદ,તા.૩૧

દુનિયાના ૩૦ અલગ અલગ શહેરોમાં જોવા મળ્યા બાદ હવે મોનોલિથ ભારતમાં પણ આવી ચુક્યું છે. આ સ્ટ્રક્ચર અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા સિમ્ફની પાર્ક માં લાગ્યું છે. મોનોલિથ એક સ્ટીલ સ્ટ્રક્ચર છે. તેની ઊંચાઈ ૬ ફૂટથી વધારે છે. જો કે આને જમીનમાં ખૂંપ્યાનું કોઈ નિશાન જોવા મળી રહ્યું નથી. રસપ્રદ વાત એ છે કે અહીં કામ કરતા માળીને આ વિશે કંઈ જ માહિતી નથી. માળી આસારામ જણાવે છે કે તેઓ એક વર્ષથી અહીં કામ કરી રહ્યા છે. આસારામનું કહેવું છે કે જ્યારે તેઓ અહીંથી સાંજે પોતાના ઘરે ગયા ત્યારે પાર્કમાં આ સ્ટ્રક્ચર નહોતુ. સવારે પાછા ડ્યૂટી પર આવ્યા તો આ સ્ટીલનું સ્ટ્રક્ટર અહીં જોવા મળ્યું. ત્યારબાદ તેમણે ગાર્ડન મેનેજરને આની જાણકારી આપી. અત્યાર સુધી એ જાણી નથી શકાયું કે આ મોનોલિથ ક્યાંથી આવ્યું. ત્રિકોણ સ્ટીલના સ્ટ્રક્ચર ઉપર કેટલાક નંબર પણ લખવામાં આવ્યા છે. પાર્કમાં આવનારા લોકો આને ઘણી જ ઉત્સુકતાથી જોઈ રહ્યા છે. આ સાથે જ તસવીરો પણ ક્લિક કરાવી રહ્યા છે. આ સ્ટીલના મોનોલિથના એકદમ ઉપર એક સિમ્બોલ પણ બન્યું હતુ. મોનોલિથને લઈને અનેક લોકો આને મિસ્ટ્રી સ્ટોનના નામે પણ ઓળખે છે.

અત્યાર સુધી આ વિશ્વના લગભગ ૩૦ દેશોમાં જોવા મળ્યું છે. સૌથી પહેલા અમેરિકાના ઉટાહમાં જોવા મળ્યું હતુ. ત્યારબાદ રોમાનિયા, ફ્રાન્સ, પોલેન્ડ, યૂકે અને કોલંબિયામાં જોવા મળ્યુ હતુ. ભારતમાં આ પહેલીવાર જોવા મળ્યું છે. આને લઈને દુનિયામાં અલગ-અલગ થિયરી છે. કેટલાક લોકો આને એલિયનનું કામ પણ ગણાવે છે.

## તંત્રી સ્થાનેથી......

કચ્છના નાના રણમાં પાકિસ્તાની રિંગ પહેરાવેલું દુર્લભ પક્ષી દેખાતા પહેલા રીતસરની અફડાતફડી મચી ગઈ હતી. કચ્છના નાના રણમાં હોબારા પક્ષી દેખાયું છે. સુરેન્દ્રનગરના ઝીંઝુવાડામાં હોબારા જોવા મળ્યું છે. હોબારા ગુજરાતીમાં ટીલ્લોર તરીકે ઓળખાય છે. બર્ડ રીંગથી માઈગ્રેશન ડેટાની ચકાસણી થશે. કરછના નાના રણમાં શંકાસ્પદ હાલતમાં એક વિદેશી પક્ષી નજરે પડ્યું હતું. પક્ષીના પગ પર શંકાસ્પદ રિંગ બાંધેલી હોવાથી પાકિસ્તાન તરફથી ગુપ્ત માહિતી એકત્ર કરવા છોડવામાં આવ્યું હોવાની આશંકાઓ સેવવામાં આવી છે. વઢવાણ ખાતે રહેતા પક્ષીપ્રેમી અને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરે પોતાના કેમેરામાં વિદેશી પક્ષીને કેદ કર્યું છે. પ્રાથમિક તપાસમાં ટિલલોર નામનું પક્ષી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે વિદેશી પક્ષીઓની તપાસ અને રિસર્ચ કરતી સંસ્થાઓને પક્ષીની તસવીરો અને વીડિયો મોકલતા વધુ તપાસ હાથ ધરી છે. શંકાસ્પદ હાલતમાં પક્ષી કેમેરામાં કેદ થતા લોકોમાં ફફડાટ સહિત અનેક ચર્ચાઓ વહેતી થઈ છે. કચ્છના નાના રણ વિસ્તારમાં પડતું અને સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝુવાડા ગામે પાકિસ્તાની રિંગ પહેરાવેલું પક્ષી જોવા મળ્યું છે. ભારતના દુર્લભ પક્ષીની જાતિમાં જેની ગણના થાય છે તે હોબારા પક્ષી ગુજરાતી ભાષામાં ટીલ્લોર તરીકે ઓળખાય છે. પાકિસ્તાનથી જે પક્ષીઓ સ્થળાંતર કરે પછી કયાં કયાં ફર્યા તે રૂટની ખબર ન હોય તેવા પક્ષીને પાકિસ્તાનના કલર કોડ પ્રમાણે લીલા કલરની રિંગ પહેરાવાય છે. વઢવાણના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર દેવવ્રતસિંહ મોરીએ આ દુર્લભ પક્ષીની તસવીર કેમેરામાં કેદ કરી છે. પક્ષી વિશે વધુ માહિતી મેળવવા તેમણે બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી તથા યુએઈ અને પાકિસ્તાનના સંયુક્ત સાહસ હોબારા ફાઉન્ડેશનને ફોટો મોકલી આપ્યો છે. ત્યારબાદ બર્ડની રિંગ અંગેની વધુ માહિતી મળશે.

# અમદાવાદમાં માણેકચોકના જ્વેલર્સે આત્મહત્યાનો પ્રયાસ કર્યો



અમદાવાદ,તા.૩૧

બોપલમાં રહેતા સિનિયર સીટીઝન સોના-ચાંદીના દાગીના બનાવવાનું કામ કરે છે. તેમને અમદાવાદના એક વ્યક્તિને અત્યાર સુધી ૧૦ કીલો સોનાના દાગીના બનાવીને આપ્યા હતા. પણ તેના રૂપિયા આપવાના બદલે સામ વાળા વ્યક્તિ ઉધો જવાબ આપતા હતાં. જેથી આ અંગે ભોગ બનનારે પોલીસ કમિશનરને અરજી કરી હતી. જેથી અમદાવાદના એક આઈપીએસ અધિકારીએ બન્નેને મળાવી આપ્યા હતા. પણ રૂપિયા આપનાર વ્યક્તિ બીજા દિવસે ફરી જતા ભોગ બનનાર આઘાતમાં આવી ગયા અને એક સ્યુસાઈડ નોટ લખી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. નલિન શાહ માણેકચોકમાં તેમની સોના ચાંદીની પેઢી ધરાવે છે. તેમને ત્યાં પ્રિન્ટેશ સોની સોનાના બનાવેલા દાગીના લેતો હતો. ધીમે ધીમે કરીને પ્રિન્ટેશે તેમના ત્યાંથી ૧૦ કિલો ઉપર સોનાના દાગીના લીધા હતા. જેની અંદાજે બજાર કિંમત ૫ કરોડ જેટલી થાય છે. જેની રકમ નલિનભાઈ તેમની પાસે માંગતા હતા. પરંતુ રકમ ચૂકવવાના બદલે પ્રિન્ટેશ અપશબ્દ બોલીને ધમકી આપતો હતો. આથી તેઓ શહેર પોલીસ કમિશનર પાસે ગયા હતા અને પોતાની અરજી આપી હતી. ત્યારબાદ એક સિનિયર આઈપીએસ અધિકારીએ તેમની વાત સાંભળીને અન્ય પોલીસ કર્મીને આ કેસમાં તપાસ કરવા કહ્યું હતું. આ બધાની વચ્ચે એક પોલીસ કર્મીના કહેવાથી તેઓ બન્ને પાર્ટી ભેગી થઈ અને અંદાજે ૩ કરોડ રૂપિયાની આસપાસ સમાધાન વાત પર બંન્ને સહમત થયા હતા.

આ અંગે આત્મહત્યાનો પ્રયાસ કરનાર નલિનશાહના પુત્રએ દિવ્યભાસ્કરને જણાવ્યું કે, અમારા ૧૦ કિલો સોનાની કિંમત અમને પરત ન થતાં મારા પિતાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. અમે આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે. હવે અમારે ન્યાય જોઈએ છે અમે ક્યાં જઈએ.આ સમગ્ર મામલે નલિન શાહે આત્મહત્યાનો પ્રયાસ કરતા બોપલ પોલીસે આ સંદર્ભે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# વિરાટનગરનાં કોર્પોરેટર ગીતાબેન પટેલના પતિ કીર્તિભાઈ પટેલનો લાંચ માગતો ઓડિયો વાઈરલ

## ગેરકાયદે બાંધકામમાં બધા પૈસા લે છે, અમને તો લોકો સામેથી પૈસા આપી જાય છે

અમદાવાદ,તા.૩૧

શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદે બાંધકામો થયેલાં છે અને હજી થઈ રહ્યાં છે, જેમાં કોર્પોરેશનના અધિકારીઓ જ નહીં, પરંતુ કોર્પોરેટર પણ તોડપાણી કરતા જ હોય છે. નાનું બાંધકામ થાય તોપણ ફોટો પાડી અને એને રોકવાની ધમકી આપી કોર્પોરેટર પૈસા પડાવી લે છે. અમદાવાદના વિરાટનગરનાં પૂર્વ કોર્પોરેટર ગીતાબેન પટેલના પતિ કીર્તિભાઈ પટેલનો ગેરકાયદે બાંધકામ માટે રૂ. ૨૦ હજારની લાંચ માગતો ઓડિયો વાઈરલ થયો છે. વાઈરલ ઓડિયોમાં ગેરકાયદે બાંધકામ માટે બધા વહીવટ કરે છે એવું કહે છે. એક તરફ, રાજ્ય સરકાર ભ્રષ્ટાચારમુકત ગુજરાતની વાત કરે છે, પરંતુ ખુદ કોર્પોરેટરના પતિ આવી લાંચ માગે છે, ત્યારે એસીબી આવા લોકો સામે કાર્યવાહી કરે એ જરૂરી છે.

આ બાબતે ગીતાબેન પટેલે કહ્યું હતું કે પૈસા તો બધા લે જ છે, અમને તો લોકો સામેથી ઓફિસે આવીને પૈસા આપી જાય છે અને કહે છે અરજી કરતા નહિ. પૂર્વમાં તો અનેક લોકો પૈસા લે છે અને ધંધા ચાલે જ છે. કરોડોની મિલકત લોકો વસાવી લે છે. બાંધકામમાં બધા પૈસા લે છે. શહેરમાં ગેરકાયદે બાંધકામનો રાફડો ફાટી નીકળ્યો છે. આવાં બાંધકામ કરનારા લોકો પાસેથી મોટે પાયે તોડપાણી કરવામાં આવે છે, જેની વચ્ચે ઓઢવ, વિરાટનગર, બાપુનગર અને નિકોલના વિસ્તારોમાં જ્યાં ગેરકાયદે કામ ચાલતાં હોય ત્યાં વિરાટનગરનાં પૂર્વ મહિલા કોર્પોરેટર ગીતાબેન પટેલના માણસો જઈ એના ફોટા પાડીને જે-તે વ્યક્તિને ગીતાબેનનું વિઝિટિંગ કાર્ડ આપી દે છે, જેમાં તેમના પતિ કીર્તિભાઈનો મોબાઈલ નંબર અપાતો હતો.

ગેરકાયદે બાંધકામ કરનારી વ્યક્તિ ફોન કરે એટલે સામે કીર્તિભાઈ કહેતા હતા કે જો બાંધકામ તોડાવવું ના હોય તો અમારો વહીવટ કરવો પડશે. તમે અમારી ઓફિસે આવી જાઓ, નહીંતર બાંધકામ તોડી પાડવામાં આવશે, જેથી ડરના માર્યા લોકો કીર્તિભાઈને ભોગ ચઢાવતા હતા. પૂર્વ કોર્પોરેટરના પતિ કીર્તિભાઈ પટેલનો આ અંગેનો ઓડિયો વાઈરલ થયો છે. કોંગ્રેસમાંથી ચૂંટણી લડ્યા બાદ તેઓ ભાજપમાં જોડાયા હતા અને હવે તેઓ આપ પાર્ટીમાં જોડાયા છે.

# અમદાવાદ જિલ્લામાં કસ્ટોડિયલ ડેથના ૪૫ કેસોમાં ૧૦ વર્ષથી રિપોર્ટ પેન્ડિંગ

## અમદાવાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટને સુનાવણી દરમિયાન પેન્ડિંગ કેસોના ઝડપથી નિકાલ કરવા તાકીદ કરાઈ

અમદાવાદ,તા.૩૧

અમદાવાદ સિવાયના ૨૨ કેસોની તપાસ સબંધિત જ્યુડિક્શનમાં થાય તો ઈક્વાયરી બાબતની કામગીરી વિલંબ નિવારી શકાય એમ છે. અમદાવાદ જિલ્લામાં કસ્ટોડિયલ ડેથના કેસનો ભરાવો હોવાથી સમયસર નિકાલ થતો નથી. ડેથ અંગેના અહેવાલ ૨૦૧૦થી પેન્ડિંગ છે. અંદાજે ૪૫ કેસ વર્ષ ૨૦૧૦થી પેન્ડિંગ છે, જેમાં અમદાવાદ જિલ્લાના ૨૩ અને અન્ય જિલ્લાના ૨૨ કેસ પેન્ડિંગ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કસ્ટોડિયલ ડેથના કિસ્સામાં રાજ્ય માનવ આયોગ, ગાંધીનગર સમક્ષ ઉપસ્થિત અમદાવાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટને સુનાવણી દરમિયાન પેન્ડિંગ કેસોના ઝડપથી નિકાલ કરવા તાકીદ કરાઈ હતી.

ડેથ અંગેની ઈક્વાયરી સબંધિત ૭૦ ટકા કામગીરી કોર્ટમાં ચાલે છે, જેના પર જિલ્લા મેજિસ્ટ્રેટનું સીધું નિયંત્રણ નથી, જેના લીધે કેસ અંગે સીધી સમીક્ષા કરી શકાતી નથી. ફકત સ્મૃતિપત્ર મેળવી માહિતી મેળવાય છે. અમદાવાદ સિવાયના ૨૨ કેસોની તપાસ સબંધિત જ્યુડિક્શનમાં થાય તો ઈક્વાયરી બાબતની કામગીરી વિલંબ નિવારી શકાય એમ છે. અમદાવાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ હર્ષદ વોરાના જણાવ્યા અનુસાર કસ્ટોડિયલ ડેથના કેસનો ઝડપી નિકાલ થાય માટે ગૃહવિભાગને રજૂઆત કરી છે. ઘટના બની હોય તે જિલ્લામાં કેસની તપાસ થાય તો ઝડપી નિકાલ કરી શકાય.

# રાજધાની ટ્રેનમાંથી રૂ૧.૪૫ કરોડની નકલી નોટો સાથે રાજસ્થાની યુવક ઝડપાયો

અમદાવાદ,તા.૩૧

અમદાવાદ પશ્ચિમ રેલ્વે પોલીસે બાતમી આધારે મંગળવારે સવારે ૯ વાગ્યે કાલુપુર પ્લેટફોર્મ નંબર ૫ પરથી દિલ્હીથી અમદાવાદ આવેલી રાજધાની એક્સપ્રેસ ટ્રેનના એસી કોચમાંથી રૂ.૧.૪૫ કરોડની નકલી ઈન્ડિયન કરન્સી સાથે રાજસ્થાની યુવકને ઝડપી લીધો છે. આ રેકેટના મુખ્ય સૂત્રધાર અને રાજસ્થાન જોધપુરના રહેવાસી હંસરાજ ભોલારામએ યુવકને ટ્રેનમાં નકલી કરન્સી સાથે મોકલ્યો હતો. પોતે પ્લેનમાં બપોરે અમદાવાદ પહોંચી કરન્સી લઈ લેશે તેમ જણાવ્યું હતું. અમદાવાદ પશ્ચિમ રેલ્વેના હેડ કોન્સ્ટેબલ મનુભાઈ પ્રભાભાઈ અને કોન્સ્ટેબલ કિશોરભાઈ બાબુભાઈને પ્લેટફોર્મ નંબર ૫ પર આવતા બાતમી મળી હતી કે, દિલ્હીથી અમદાવાદ આવતી રાજધાની એક્સપ્રેસ ટ્રેનના એસી કોચ એ/૩માં એક પેસેન્જર નકલી ઈન્ડિયન કરન્સી લઈને આવી રહ્યો છે. બાતમી મુજબ પોલીસ ટીમો વોચમાં ગોઠવાઈ ગઈ હતી.

દરમિયાન સવારે ૯-૧૫ વાગ્યે રાજધાની એક્સપ્રેસ પ્લેટફોર્મ પર ઉભી રહેતા એ/૩ કોચમાંથી બાતમી મુજબનો યુવક ટ્રોલી લઈ બહાર આવતા પોલીસે ઓળખ આપી કોર્ડન કર્યો હતો. પોલીસ તપાસમાં યુવકનું નામ વિકાસ નરેન્દ્ર શર્મા (ઉં,૩૧) રહે, તાનાજીનગર, અજમેર,રાજસ્થાનનો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે વિકાસ પાસેની ટ્રોલી બેગ ખોલી જોતા તેમાંથી ૭૨૪૦ નંગ રૂ.૨ હજારના દરની નોટો રૂ.૧,૪૪,૮૦૦,૦૦ની મળી આવી હતી. જે તમામ નોટ એફએસએલ અધિકારીએ ચેક કરતા અસલી નોટની ઝેરોક્ષ હોવાની ખુલ્યું હતું. મોટાભાગની ચલણી નોટના સિરિયલ નંબર સરખા તેમજ કાગળ હલકી ગુણવત્તાનો હતો.

પોલીસે વિકાસની આ ચલણી નોટ બાબતે પૂછપરછ કરતા આરોપીએ જણાવ્યું હતું કે, આ નોટો તેને રાજસ્થાનના જોધપુરના રહેવાસી હંસરાજ ભોલારામ લૌહારે આપી હતી. લૌહારે તેને નોટો આપી ટ્રેનમાં અમદાવાદ પહોંચવાનું જણાવી પોતે ફલાઈટમાં સાંજે અમદાવાદ પહોંચી આ નોટ કલેક્ટ કરી લેશે તેમ જણાવ્યું હતું. કાલુપુર પશ્ચિમ રેલ્વે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વિકાસ શર્માને અટક કરી કોવિડ ટેસ્ટ માટે સેમ્પલ મોકલ્યું હતું. પોલીસે વિકાસ પાસેથી ૧,૪૪,૮૦૦,૦૦ની નકલી ઈન્ડિયન કરન્સી ઉપરાંત રૂ.૧૮૮૦ની રોકડ રકમ, રૂ.૧૫ હજારનું લેપટોપ, રૂ.૩ હજારનો મોબાઈલ ફોન, લેપટોપ ચાર્જર, પ્રિન્ટર કેબલ, માઉસ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, એક્સીસ બેંકના ડેબિટ કાર્ડ, પણ કાર્ડ, પે કાર્ડ, ટ્રોલી અને લેપટોપ બેગ મળી રૂ.૨૧,૦૮૦નો બીજો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

# ૨૦૨૦: કોરોના મહામારી વચ્ચે અમદાવાદ સિવિલમાં અન્ય રોગથી ૭,૦૩૫ મોત

અમદાવાદ,તા.૩૧

કોરોના મહામારીએ આખા વિશ્વને હચમચાવી નાંખ્યા બાદ હવે અન્ય રોગોએ પણ માથું ઉંચક્યું છે. અમદાવાદ સિવિલમાં મળી રહેલી માહિતી અત્યંત ચિંતા જનક છે. અમદાવાદ સિવિલમાં અન્ય રોગથી ૭,૦૩૫ના મોત થયા હોવાનો ઘટસ્ફોટ થયો છે.અમદાવાદમાં કોરોનાકાળ દરમિયાન શહેરની સિવિલ હોસ્પિટલમાં ચાલુ વર્ષમાં કોવિડ સિવાયની અન્ય બીમારીમાં ૭૦૩૫ લોકોનાં મોત થયાં છે. સિવિલ હોસ્પિટલમાં આ વર્ષે રોજના ૨૦ જેટલા કોરોના સિવાયના દર્દીઓનાં મોત નીપજ્યાં હતાં. લૉકડાઉનના સમયગાળા દરમિયાન સિવિલ હોસ્પિટલમાં કોરોનાને કારણે થયેલાં મોતને પગલે લોકોમાં એટલો બધો ગભરાટ હતો કે વર્ષ દરમિયાન અન્ય બીમારીના દર્દીઓ સારવાર માટે આવ્યા જ નહોતા. એ છતાંય મોતનું પ્રમાણ ઊંચું રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૯ની સરખામણીએ ઓપીડીમાં ૪૪.૫૧ ટકા, ઈન્ડોર પેશન્ટમાં ૩૮.૪૩ ટકા, સર્જરીમાં ૪૫.૧૭ ટકા અને ડિલિવરીમાં ૧૯.૭૨ ટકાનો ઘટાડો નોંધાયો છે.

પહેલી જાન્યુઆરી ૨૦૨૦થી ૨૮મી ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં કોરોના સિવાયની સારવાર માટે આવનારા દર્દીઓમાં ધરખમ ઘટાડો નોંધાયો છે, તેમ છતાં ૭૦૩૫ લોકોનાં મોત થયાં છે. ગત વર્ષે દર્દીઓની સંખ્યા વધુ હતી એ અરસામાં અસારવા સિવિલમાં ૯૯૨૦ મોત થયાં હતાં. આમાં નવજાત બાળકો, સગર્ભા મહિલાઓ સહિતના દર્દીઓનો સમાવેશ થાય છે. કોરોનાના ગભરાટમાં બીજી બધી સારવાર બંધ જેવી હતી, અન્ય સારવારમાં ધરખમ ઘટાડો છતાં ઊંચા મોતનું પ્રમાણ બતાવે છે કે આરોગ્ય સેવા કથળી રહી છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડો. જે.વી. મોદીએ એવો દાવો કર્યો કે સિવિલ હોસ્પિટલમાં એકંદરે મોતનું પ્રમાણ નીચું રહ્યું છે.

સર્જરીમાં ૨૦૧૯ની સરખામણીએ ૪૫ ટકા જેટલો ઘટાડો થયો છે. એ જ રીતે ગત વર્ષની સરખામણીએ ઓપીડીમાં ૪૪.૫૧ ટકા, ઈન્ડોર પેશન્ટમાં ૩૮.૪૩ ટકા, ડિલિવરીમાં ૧૯.૭૨ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધીમાં આશરે ૧૨૦૦ જેટલા દર્દીઓનાં મોત થયાં છે. નોન-કોવિડમાં ૭૦૩૫ મોત થયાં છે. આમ, સિવિલ હોસ્પિટલમાં ૮૨૩૫ જેટલા દર્દીઓનાં મોત થયાં છે. મહત્ત્વનું છે કે સરકાર સામે આક્ષેપો થતા રહ્યા છે કે કોરોનામાં મોત અને કેસના આંકડા છુપાવવામાં આવે છે.

# બોટાદના ગઢડામાં ડીઝલ ભરેલા ટેક્કરમાં ભીષણ આગ, રહદારીયોમાં દોડધામ

ગઢડા,તા.૩૧

બોટાદ જિલ્લાના ગઢડામાં એક ડિઝલ ટેક્કરમાં વિકરાળ આગ લાલતા દોડધામ મચી ગઈ છે. આગ એટલી વિકરાળ છે કે, આગના ધુમાડા પુરા શહેરમાંથી જોવા મળી રહ્યા છે. આગના પગલે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દોડતું થઈ ગયું છે. બોટાદ જિલ્લાના ગઢડા શહેર જે સ્વામિનારાણ મંદિરના મુખ્ય સ્થાન તરીકે રાજ્ય સહિત વિશ્વભરમાં જાણીતું શહેર છે. ગઢડાના કનૈયાના ચોકમાં ઉભા રહેલા ડિઝલ ટેક્કરમાં અચાનક કોઈ કારણસર આગ લાગતા થોડી જ ક્ષણમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. ટેક્કરમાં ડિઝલ ભરેલું હોવાથી આસપાસના રહિશો અને રાહદારીઓમાં દોડધામ મચી ગઈ હતી.


વિગતે ઘટનાની વાત કરીએ તો, ગઢડામાં પેટ્રોલ પંપ પર ડિઝલ સપ્લાય માટે આવેલા ડિઝલ ટેક્કરમાં કનૈયા ચોક પાસે અચાનક આગ લાગી ગઈ હતી. આગ લાગતા જ ટેક્કરનો ડ્રાઈવર સમયસૂચકતા વાપરી ઉતરી જતા કોઈ જાનહાની થઈ નથી. જોકે, ટેક્કરમાં ડિઝલ ભરેલું હોવાથી આગે થોડી જ ક્ષણમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ અને પુરૂ ટેક્કર આગની લપેટમાં આવી ગયું છે. વિકરાળ આગના કારણે કાળા ડિબાંડ ધુમાડાના ગોટા આકાશમાં ફેલાઈ ગયા હતા. જેને પગલે ધુમાડા પુરા શહેરમાંથી જોવા મળી રહ્યા હતા. આગની ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતા લોકોના ટોળે ટોળા કૂતુહલવશ જોવા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ પોલીસ અને તંત્રને કરવામાં આતા પોલીસનો કાફલો અને મામલતદાર ઘટના સ્થળે હાલ પહોંચી ગયા છે. આગ પર કાબુ મેળવવા માટે ફાયર વિભાગને જાણ કરી દેવામાં આવી છે. પરંતુ ફાયર ટીમ આવે તે પહેલા જ આગ બળીને ખાખ થઈ ગઈ છે. ડિઝલ ભરેલું હોવાથી આગની લપેટો ૧૫-૨૦ ફૂટ ઉંચે સુધી જોવા મળી રહી છે. પોલીસ હાલમાં લોકોને ઘટના સ્થળ પરથી દુર ખસેડી રહી છે, જેથી કોઈ મોટો બ્લાસ્ટ કે દુર્ઘટના સર્જાય તો કોઈને જાનહાની ના પહોંચે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં હવે રોજ ૧૨ હજાર પ્રવાસીઓને એન્ટ્રી મળશે

કેવડિયા,તા.૩૧

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કેવડિયા પ્રવાસન સ્થળ પર નાતાલથી ૩૧ ડિસેમ્બર સુધી પ્રવાસીઓના બુકિંગને જોઈને એસઓયુ પરિસરમાં ટિકિટની મર્યાદા વધારવામાં આવી છે. પહેલાં રોજ ૨૫૦૦ પ્રવાસીઓને પ્રવેશ અપાતો હતો. જેમાં વ્યૂહ ગેલેરીમાં માત્ર ૫૦૦ લોકોને પાંચ સ્લોટમાં પ્રવેશ આપવામાં આવતો હતો. માત્ર ઓનલાઈન ટિકિટને કારણે કેટલાંય પ્રવાસીઓને આવવાની ઈચ્છા હોવા છતાં ટિકિટ ની લિમિટેશનને લઈને આવી શકતા નહોતા. જેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી દ્વારા ટિકિટ મર્યાદામાં વધારો કરી દેવામાં આવ્યો છે. હવે ૨૫૦૦થી વધારી એક દિવસમાં ૧૨૦૦૦ જેટલી કરવામાં આવી છે. કેવડિયા પ્રવાસ માટે આવનાર પ્રવાસીઓની ફરિયાદો હતીકે, અલગ અલગ ટીકીટ બુકિંગ કરવી પડે છે અને ઓનલાઈન હોય છે. એકાદ ટિકિટ રહી જાય તો અહીં આવ્યા છતાં જોવા મળતું નથી.જેથી જેં તંત્ર દ્વારા કોમ્બો પેકેજ ટિકિટ બનાવવામાં આવી રહ્યું છે. એક કોમ્બો ટિકિટ લઈને પ્રવાસી આવે તો તેમને કોઈ પણ જગ્યાએ ટિકિટ લેવાની જરૂર નહીં પડે. સ્ટેચ્યુના તમામ પ્રોજેક્ટ માટે ટિકિટ ઓનલાઈન જ મળી શકશે. હવે વ્યૂહ ગેલેરીમાં એક સ્લોટમાં ૧૦૦૦ એટલે એક દિવસમાં ૫૦૦૦ પ્રવાસીને એન્ટ્રી મળશે. સ્ટેચ્યુના અન્ય સ્થળ માટે એક સ્લોટમાં ૧૪૦૦ પ્રવાસી એટલે એક દિવસ માં ૭૦૦૦ મળી હવેથી એક દિવસમાં ૧૨,૦૦૦ પ્રવાસીઓને એન્ટ્રી મળી રહેશે.નવી સૂચના ન આવે ત્યાં સુધી પ્રવેશ મર્યાદામાં કરાયેલો ચાલુ રખાશે.

# રાજકોટમાં એઈમ્સ ઈ-ખાતમુહૂર્ત સમયે વડાપ્રધાને અભય ભારદ્વાજને યાદ કરી આપી શ્રદ્ધાંજલિ



રાજકોટ,તા.૩૧

આજે ગુજરાતી માટે આનંદનો દિવસ છે કારણ કે પીએમ મોદીએ રાજકોટમાં એઈમ્સનું ઈ ખાતમુહૂર્ત કર્યું છે. જેનાથી ગુજરાતના અને સૌરાષ્ટ્રના લોકોને જટીલ સારવાર માટે અન્ય રાજ્યમાં જવું નહીં પડે. આ પ્રસંગે પીએમ મોદીએ સંબોધન પણ કર્યુ હતું. જેમાં તેમણે જણાવ્યું કે, ભારતમાં કોરોના રસી ટૂંક સમયમાં માન્ય કરવામાં આવશે અને એક મોટું રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવશે. આ સાથે સંબોધનના અંતમાં તેમણે ભાજપના રાજ્યસભાના સાંસદ અભયભાઈ ભારદ્વાજને પણ યાદ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

પીએમ મોદીએ સંબોધનનાં અંતમાં ગુજરાતીમાં પણ વાત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટનાં મારા ભાઈઓ બહેનોના મને ઘણાં સમય પછી દર્શન કરવાની તક મળી છે. ઘણી મોટી સંખ્યામાં લોકો દેખાઈ રહ્યાં છે, આપના આશીર્વાદ મળી રહ્યાં છે. મારા માટે દુખની પણ ઘડી છે કે, મારા સારા મિત્ર અભયભાઈ ભારદ્વાજને અમે ગુમાવ્યા છે. કોરોનાને કારણે ગુમાવી દીધા. આજે જ્યારે રાજકોટવાસીઓ વચ્ચે આવ્યો છું ત્યારે ભાઈ અભયનું સ્મરણ થવુ ઘણું સ્વાભાવિક છે. હું એમને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ પણ આપુ છું.

અને અંતમાં એઈમ્સ ગુજરાતવાસીઓ માટે છે, રાજકોટની છે, તે માટે અનેક અનેક શુભકામનાઓ. અને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ. નોંધનીય છે કે, રાજકોટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી, લૉ કમિશનના ભૂતપૂર્વ સદસ્ય તથા ભાજપના રાજ્યસભાના સાંસદ અભયભાઈ ગણપતરામ ભારદ્વાજનું પહેલી ડિસેમ્બરના રોજ ચેન્નાઈની ખાનગી હૉસ્પિટલમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. તેમની ઉંમર ૬૭ વર્ષની હતી.

# કોરોના વેક્સિન માટે રજિસ્ટ્રેશન ટાળી રહ્યા છે સરખેજ, બહેરામપુરા વિસ્તારના લોકો




અમદાવાદ,તા.૩૧

શહેરના તમામ ૪૮ વોર્ડમાં કોરોનાની વેક્સિન માટે ૫૦થી વધુ વયના અને ૫૦થી ઓછી વયના પરંતુ ગંભીર બીમારી ધરાવતા લોકોના સરવે અને નોંધણીની કામગીરી અંતિમ તબક્કામાં છે. ત્યારે છેલ્લા ૨૫ દિવસથી ચાલતી આ પ્રક્રિયામાં ૬,૮૬,૭૧૫ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જો કે, આ સરવે દરમિયાન સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, મુસ્લિમ વિસ્તાર જેવા કે સરખેજ, બહેરામપુરા, દાણીલીમડા, રખિયાલ, ગોમતીપુર તેમજ મક્તમપુરામાં મોટાભાગના લોકોએ વેક્સિન માટે રજિસ્ટ્રેશન કરાવવાનો ધરાર ઈક્રાર કર્યો છે. ચોક્કસ પ્રકારની માન્યતાઓને કારણે આ વિસ્તારમાં લોકો રજિસ્ટ્રેશન કરાવતા ડરી રહ્યા હોવાનું હેલ્થ વિભાગના સૂત્રોનું કહેવું છે. સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૧.૩૦ લાખ લોકોએ વેક્સિન લેવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જ્યારે સૌથી ઓછું માત્ર ૪૬ હજાર લોકોનું રજિસ્ટ્રેશન દક્ષિણ પશ્ચિમ ઝોનમાં થયું છે. આ ઝોનમાં સરખેજ અને મક્તમપુરા વોર્ડનો સમાવેશ થાય છે. બીજી તરફ છેલ્લા ૫ દિવસથી મ્યુનિ.એ વેક્સિન માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કર્યું છે. જેમાં ૬૨૨૫ લોકોએ નોંધણી કરાવી છે. ૫૦ વર્ષથી ઓછી ઉંમરના પરંતુ ગંભીર બીમારી ધરાવતા શહેરમાં કુલ ૨૭૨૫૦ લોકોએ નોંધણી કરાવી છે. જાન્યુઆરીના અંત સુધીમાં વેક્સિન આવી શકે છે તેવું હેલ્થ વિભાગના અધિકારીઓનું કહેવું છે. જેના ભાગરૂપે આ કવાયત હાથ ધરી છે.

# હાઈકોર્ટના આદેશના પગલે હવે ચૂંટણી લડી શક્શે વિપુલ ચૌધરી

## વિપુલ ચૌધરી સમર્થિત ૪૦ જેટલી દૂધ ઉત્પાદક મંડળીને ક-વર્ગમાં જ્યારે ૩૦ જેટલી મંડળીઓને ડ-વર્ગમાં સામેલ કરી હતી

અમદાવાદ,તા.૩૧

દૂધસાગર ડેરી મામલે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં વિપુલ ચૌધરી દૂધસાગર ડેરીની ચૂંટણી લડી શકશે. જોડિયા સહકારી મંડળીને ક વર્ગમાં મૂકવાના નિર્ણય હાલ પૂરતો સ્ટે આપવામાં આવ્યો છે. હાઈકોર્ટે વિપુલ ચૌધરી ચૂંટણી લડી શકે એ પૂરતી રાહત આપવામાં આવી છે. ખેરાલુ જોડિયા સહકારી મંડળીને ક વર્ગમાં ધકેલાતાં વિપુલ ચૌધરીનું ફોર્મ રદ થવાની સંભાવનાને પગલે વિપુલ ચૌધરી જૂથે હાઈકોર્ટના બારણા ખખડાવ્યા હતા. દૂધસાગર ડેરીની ચૂંટણી પમી જાન્યુઆરીએ યોજાવાની છે. આ ચૂંટણી રસાકસી ભરેલી રહે તેવી શક્યતા છે. મહેસાણા દૂધ ઉત્પાદક સંઘના (દૂધસાગર ડેરી) પૂર્વ એમ.ડી. વિપુલ ચૌધરીને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. સરકાર દ્વારા વિપુલ ચૌધરી સમર્થિત મંડળીઓને ઓડિટ રિપોર્ટના આધારે ક – વર્ગમાં મુકવાના સરકારના નિણર્ય પર હાઈકોર્ટે મનાઈહુકમ આપ્યો છે.

આ નિર્દેશને લીધે વિપુલ ચૌધરી ચૂંટણીમાં કેટલીક હદ સુધી રાહત મળી છે. રાજ્ય સરકાર દ્વારા ઓડિટ રિપોર્ટના આધારે વિપુલ ચૌધરી સમર્થિત ૪૦ જેટલી દૂધ ઉત્પાદક મંડળીને ક-વર્ગમાં જ્યારે ૩૦ જેટલી મંડળીઓને ડ-વર્ગમાં સામેલ કરી હતી. જેની સામે વિપુલ ચૌધરી સમર્થિત મંડળીઓને કોર્ટ તરફથી રાહત આપવામાં આવી છે. જોકે હજી પણ વિપુલ ચૌધરીની કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા બોનસ કૌભાંડમાં અન્ય આરોપીઓના અને લોકોના નિવેદન નોંધવાનું શરૂ કર્યું છે. નોંધનીય છે કે અમદાવાદ સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ દ્વારા મહેસાણા દૂધ ઉત્પાદક સંઘની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાની મંજૂરી આપવામાં આવી હતી.



મહેસાણા દૂધ ઉત્પાદક સંઘના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી હવે અશોક ચૌધરી સામે ઉમેદવારી નોંધાવી છે. અમદાવાદ સેશન્સ કોર્ટે વિપુલ ચૌધરીના જામીન ફગાવી દેવાતા હવે જામીન મેળવવા માટે તેમણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ જામીન અરજી પર આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાઈ શકે છે. મહેસાણા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૨૦૧૪માં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે વિપુલ ચૌધરી પર વિનામૂલ્યે સાગરદારણ મહારાષ્ટ્ર મોકલી કૌભાંડ આચરવાનો આક્ષેપ છે. આ કેસમાં ફરિયાદ દાખલ થયા ૬ વર્ષ પછી ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ દ્વારા વિપુલ ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી.

# અમદાવાદમાં ઈકો કારના સાઈલેન્સરની ચોરી કરતી ગેંગનો આતંક વધ્યો



અમદાવાદ,તા.૩૧

શહેરમાં કારના સાઈલેન્સરની ચોરી કરતી ગેંગનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. આ ગેંગે એક જ મહિનામાં ચોરીની ચોથી ઘટનાને અંજામ આપ્યો છે. હવે આ ગેંગે સિવિલ હૉસ્પિટલમાં પાર્ક કરેલી ઈકો કારને ટાર્ગેટ બનાવી છે. ૧,૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી કોઈ ઈકો કારના સાઈલેન્સરની ચોરી કરી ફરાર થઈ ગયું હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાવા પામી છે. મૂળ આણંદમાં રહેતા સુરેશભાઈ ભોઈએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ કરી છે. અશોકભાઈ તેમની દીકરીની બંને કીડની ખરાબ હોવાથી ઈકો કારમાં બેસાડી સારવાર અર્થે રાતના એક વાગ્યે કિડની હૉસ્પિટલ લાવ્યા હતા.

સારવાર દરમિયાન તેમની દીકરી કોરોના પોઝિટિવ આવતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. અશોકભાઈ અને તેમનો દીકરો રાતના બે વાગ્યાની આસપાસ ઈકો કાર લઈ ૧,૨૦૦ બેડની હૉસ્પિટલના પાર્કિંગમાં કાર પાર્ક કરી કિડની હૉસ્પિટલમાં પરત ગયા હતા. બીજા દિવસે અશોકભાઈની દીકરીનો રિપોર્ટ નોર્મલ આવતાં તેઓ પાર્ક કરેલી ઈકો કાર લેવા ગયા હતા. અશોકભાઈ ઈકો કારની સાફસફાઈ કરી ગાડી ચાલુ કરવા ગયા ત્યારે કારનો અવાજ બદલાઈ ગયો હતો. જેથી તેમણે કારમાંથી ઊતરીને જોયું તો કોઈ તેમની કારમાંથી સાઈલેન્સર કાઢી ગયું હતું. અશોકભાઈ અને તેમના દીકરાએ આસપાસમાં સાઈલેન્સરની શોધખોળ કરી હતી પરંતુ સાઈલેન્સર મળી આવ્યું ન હતું.

# આફ્રિકાનાં મોમ્બાસા દરિયામાં ડૂબી જતા બે કચ્છી યુવાનનું થયું મોત

કચ્છ,તા.૩૧

આફ્રિકાનાં મોમ્બાસાનાં દરિયામાં ડૂબી જવાથી બે કચ્છી યુવાનનાં મોત નીપજતા હાલાઈ પરિવાર ઉપર આભ ફાટ્યું હતું. તો માંડવી તાલુકાના નાગલપુર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આફ્રિકાના મોમ્બાસાના દરિયામાં ડૂબતા મોત થયું છે. કેન્યાથી પરિવાર સાથે મોમ્બાસા ફરવા ગયા હતા. મૂળ માંડવીના નાગલપરના વતની હતા. કન્સ્ટ્રક્શન વ્યવસાય અર્થે કેન્યા સ્થાયી થયા હતા. માંડવી તાલુકાનાં નાગલપર ગામનાં મૂળ વતની શામજી મનજી હાલાઈ ઉ.વ ૪૦ અને ક્રાંતિ પ્રેમજી હાલાઈ કે જેઓ કન્ટ્રક્શનનાં વ્યવસાય અર્થે કેન્યા સ્થાઈ થયા છે.

તેઓ તેમનાં પરિવાર સાથે કેન્યાથી ડિસેમ્બર એન્ડિંગની રજા માણવા આફ્રિકાનાં મોમ્બાસમાં ગયા હતા, જ્યાં ગઈકાલે મંગળવારનાં દરિયામાં નહાવા પડેલા આ બંન્ને કચ્છી યુવાન ક્રાંતિ પ્રેમજી હાલાઈ અને શામજી મનજી હાલાઈ દરિયામાં ગરકાવ થઈ જતાં ત્યાં હાજર તેમનાં પરિવાર, પત્ની અને બાળકો સહિત હતપ્રભ બની ગયો હતો. સ્થાનિક લોકોએ બોટ દ્વારા હાથ ધરેલી શોધખોળનાં અંતે બન્ને યુવાનોની લાશ દરિયામાંથી કાઢી હતી.

તે બન્ને યુવાનની લાશને કેન્યા ખાતે લઈ જવાયા બાદ આજે તેમનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. હતભાગી શામજી મનજીને સંતાનમાં ત્રણ પુત્રી અને ક્રાંતિ પ્રેમજી હાલાઈને બે પુત્ર છે. આ પરિવાર ઉપર આભ ફાટવાની સાથે માંડવી તાલુકાના નાગલપર ગામે પણ શોકનું મોજું ફરી વળ્યું હતું.

# બાયોડીઝલના નામે રાજયમાં ડુપ્લિકેટ ડીઝલનું વેચાણ થઈ રહ્યું હોવાનો ઘટસ્ફોટ

## બાયોડીઝલનાં ૯૦% સેમ્પલ ફેલ, ૬.૪૦ કરોડનું ડુપ્લિકેટ ડીઝલ જપ્ત



અમદાવાદ,તા.૩૧

બાયોડીઝલના નામે ગુજરાતમાં મોટા પાયે ડુપ્લિકેટ ડીઝલનું વેચાણ થઈ રહ્યું હોવાની માહિતી સામે આવી છે, જેમાં અમદાવાદ, સુરત, કચ્છ, રાજકોટ, જૂનાગઢ, મોરબી, ભાવનગર, ભરૂચ, છોટાઉદેપુર, ગીર સોમનાથ, વલસાડ, બનાસકાંઠા મોખરે છે. ડુપ્લિકેટ ડીઝલ ૧૫ રૂપિયા સસ્તું હોવાથી લોકો વિચાર્યા વિના ગાડીમાં પુરાવે છે. બેરોકટોક ડુપ્લિકેટ ડીઝલના વેચાણથી રાજ્ય સરકારને આશરે ૧૮૦૦ કરોડ રૂપિયાનું વાર્ષિક નુકસાન થઈ રહ્યું છે. રાજ્ય સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે છેલ્લા બે મહિના દરમિયાન આવાં બિનઅધિકૃત બાયોડીઝલનું વેચાણ કરતા પંપ પર પોલીસ, જીએસટી તથા અન્ય વિભાગોની મદદ લઈ રાજ્યવ્યાપી દરોડા પાડ્યા હતા, જેમાં ૯૦ ટકા કિસ્સામાં શુદ્ધ બાયોડીઝલના નામે ભેળસેળયુક્ત ડીઝલ વેચાતું હોવાનું ખૂલ્યું હતું.

ડુપ્લિકેટ ડીઝલના વેચાણ સાથે રાજકીય અને વહીવટી અધિકારીઓ સંકળાયેલા હોવાનું પણ સરકારના ધ્યાને આવ્યું છે, તે માટે ભીનુ સંકેલવા ભરપૂર પ્રયાસો ચાલતા હોવાનું સરકારનાં સૂત્રો જણાવે છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે રાજ્યમાં ગેરકાયદે બાયોડીઝલના વેચાણ પર અંકુશ લાવવા ડ્રાઈવ ચલાવી હતી, જેમાં જુદા જુદા જિલ્લામાંથી બાયોડીઝલના ૨૧૨ સેમ્પલ એકત્ર કરાયા હતા, જેમાંથી ૯૦ ટકા સેમ્પલ એફએસએલ ટેસ્ટિંગમાં ફેલ આવ્યા હતા. આશરે ૬.૪૦ કરોડ રૂપિયાનું ડુપ્લિકેટ ડીઝલ જપ્ત કરવામાં આવ્યું છે. ગુજરાત પેટ્રોલ-ડીઝલ ડીલર એસોસિએશનના પ્રમુખ અરવિંદ ઠક્કરે કહ્યું કે,

બાયોડીઝલની મલેશિયાથી આયાત બંધ થઈ અને સરકારે તેના વેચાણ પર પાબંદી લગાવી એટલે ગુજરાત તેમ જ દેશનાં અન્ય રાજ્યોમાં ગેરકાયદે બાયોડીઝલ બનાવવાનો વેપલો શરૂ થયો છે. આ કારણે ડીલરોને ખૂબ નુકસાન થઈ રહ્યું છે. અમદાવાદના ચંડોળા, વટવા વિસ્તાર ડુપ્લિકેટ ઓઈલના વેચાણના હબ બન્યાં છે. આ વિસ્તારમાં બાયોડીઝલ, લુબ્રિકન્ટ ઓઈલ જેવા જુદા જુદા ડુપ્લિકેટ ઓઈલના છૂટક અને હોલસેલ વેપારીઓ છે. બહારથી નાની દેખાતી ઓરડી જેવી જગ્યામાં અન્ડરગ્રાઉન્ડ ટાંકીઓ બનાવેલી હોય છે.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.